# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 10-02-2026 Day: Tuesday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **કલ્પના શાહ** વાંચે છે.

---

## ગાંધીધામમાં રેલ્વે લાઈનનું કામ:

આદિપુર ગાંધીધામ વચ્ચે ત્રીજી અને ચોથી રેલવે લાઇનનું સફળતાપૂર્વક સ્પીડ ટેસ્ટિંગ કરવામાં આવ્યું છે. રેલ્વે સુરક્ષા કમિશનર દ્વારા 120 કિલોમીટરની ઝડપે 10 કિલોમીટર સુધી ટ્રેન દોડાવી નિરીક્ષણ કરાયું હતું.

ઉલ્લેખનીય છે કે,ગાંધીધામ-ભુજ સેક્શનમાં ગાંધીધામ-આદીપુર ચૌહરિકરણ પરિયોજના હેઠળ હાલ ગાંધીધામ કેબિનથી આદીપુર સ્ટેશનો વચ્ચે ભૌતિક માળખાકીય કામો હાથ ધરવામાં આવી રહ્યા છે. જેના લીધે ગત 04 ફેબ્રુઆરીથી 13 ફેબ્રુઆરી સુધી કેટલીક ટ્રેનો પ્રભાવિત થઈ છે.

આ પરિયોજના ગાંધીધામ ક્ષેત્રમાં રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચરને સુદ્રઢ કરવાની દિશામાં એક મહત્વનું પગલું છે. ચારગણું થવાથી આ સેક્શનની લાઈન ક્ષમતામાં વૃદ્ધિ થશે, જેનાથી ટ્રેનોનું સંચાલન વધુ સુગમ, સમયબદ્ધ અને સુરક્ષિત થશે. સાથે જ માલ અને યાત્રી ટ્રાફિકનું ઉત્તમ વ્યવસ્થાપન થશે અને ક્ષેત્રીય વેપાર, ઉદ્યોગ અને યાત્રીઓને લાભ મળશે.

---------------------------------------------------------------------------------------------

## ધોરડોમાં ફૂડ સેફટી અવેરનેસ કાર્યક્રમ :

ખોરાક અને ઔષધ નિયમનતંત્ર દ્વારા ધોરડો સફેદ રણ ખાતે ફૂડ સેફ્ટી અવેરનેસ અને લાયસન્સ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ દરમિયાન અધિકારીઓએ ફૂડ સ્ટોલની તપાસ કરી ધારકોને શુદ્ધ ખોરાક અને હાઇજેનિક જાળવણી અંગે સૂચના આપી હતી.

કેમ્પમાં સ્થળ પર જ ઓનલાઇન પ્રોસેસ દ્વારા ૩૦ જેટલા ફૂડ રજિસ્ટ્રેશન આપવામાં આવ્યા હતા. આ ઝુંબેશનો મુખ્ય હેતુ પ્રવાસીઓને સુરક્ષિત આહાર મળી રહે તે સુનિશ્ચિત કરવાનો હતો.

---

## ગાંધીધામના સ્થાપના દિવસની ઉજવણી :

ગાંધીધામના ૭૮માં સ્થાપના દિવસ નિમિતે આગામી ૧૨મી એ ગાંધીધામ મહાનગરપાલિકા, દિનદયાળ બંદર ઓથોરીટી અને એસ.આર.સી. તેમજ અન્ય સંસ્થાઓ દ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરાશે, જેમાં “સોચ ૨૦૨૬” અંતર્ગત શાળાનાં બાળકો માટે વિવિધ સ્પર્ધાત્મક કાર્યક્રમો ઉપરાંત સાંજે સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે. જેમાં વિવિધ રાજકીય, સામાજિક અગ્રણીઓ તેમજ નગરજનો ઉપસ્થિત રહેશે.

---

## જીલ્લા વહીવટી તંત્ર સ્થાનિક સ્વરાજય ચૂંટણીની તૈયારીમાં :

આગામી દિવસોમાં રાજયની સાથે કચ્છમાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણી યોજાનાર છે.ત્યારે જીલ્લા વહીવટી તંત્ર સ્થાનિક સ્વરાજય ચૂંટણીની તૈયારીમાં વ્યસ્ત બન્યુ છે. આ ચૂંટણી માટે ઉપયોગમાં લેવામાં આવનાર ઈવીએમના ફર્સ્ટ લેવલ ચેકીંગની કામગીરી શરૂઆત કરવામાં આવી છે. આ કામગીરી 14મી ફેબ્રૂઆરી સુધી ચાલશે.

ચૂંટણી શાખામાંથી મળેલી સતાવાર વિગત અનુસાર બેંગાલુરુથી આવેલા ત્રણ નિષ્ણાતો ઈવીએમની પ્રાથમિક સ્તરની તપાસણી કરશે. જેના પ્રથમ ચરણમાં નગરપાલિકાની ચૂંટણી માટે ઉપયોગમાં લેવામાં આવનાર 1,368 ઈવીએમનું ફર્સ્ટ લેવલ ચેકીંગ કરાશે.આ પછીના તબકકામાં જિલ્લા અને તાલુકા પંચાયતની ચૂંટણીમાં ઉપયોગમાં લેવાનાર ઈવીએમને પ્રાથમિકસ્તરીય ચકાસણીમાં આવરી લેવાશે.

## ગાંધીધામ મહાનગરપાલિકા દ્વારા બજેટની તૈયારી :

ગાંધીધામ મહાનગરપાલિકા દ્વારા વર્ષ 2026-27નું બજેટ તૈયાર કરવા માટે પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. જેમાં નાગરિક કેન્દ્રિત સુવિધાઓ અને શહેરની સર્વાંગી સુખાકારી માટે મહાનગરપાલીકાના વિઝન સાથે નાગરિકોની બજેટમાં ભાગીદારી સુનિશ્ચિત કરવા જાહેર જનતાના સૂચનો ઓનલાઇન માધ્યમથી આમંત્રિત કરવામાં આવ્યા છે. આ માટે મહાનગરપાલિકાની અધિકૃત વેબસાઇટ www.gandhidhamcity.in પર જઇ સૂચનો આપવા નાગરિકોને વિનંતી કરવામાં આવી છે.

--------------------------------------------------------------------------------

## વિશ્વ કઠોળ દિવસ:

કઠોળની ખેતી, ઉત્પાદકતા અને તેના પોષણમૂલ્યને પ્રોત્સાહન આપવાના હેતુસર સમગ્ર વિશ્વમાં આજે 10 ફેબ્રુઆરીને વિશ્વ કઠોળ દિવસ તરીકે ઉજવાય છે. ત્યારે ચણાની ઉત્પાદકતામાં ગુજરાત સમગ્ર દેશમાં અગ્રેસર રહ્યું હોવાનું સત્તાવાર યાદીમાં જણાવાયું છે. છેલ્લા ૬ વર્ષમાં રાજ્યમાં કઠોળનું ઉત્પાદન ૧૦.૫૮ લાખ મેટ્રિક ટનથી વધીને ૨૧.૫૨ લાખ મેટ્રિક ટન એટલે કે બમણું નોંધાયું છે. ચણા અને તુવેરના પાકમાં ગુજરાતે રાષ્ટ્રીય સ્તરે મોટી સિદ્ધિ મેળવી છે.

રાજ્યમાં મઠ, મગ અને અડદ જેવા પાકોનું વાવેતર પણ વધ્યું છે, જેમાં કચ્છ અને બનાસકાંઠા જેવા વિસ્તારો મોખરે છે. ખાસ કરીને કચ્છના સૂકા અને અર્ધ-સૂકા વિસ્તારોમાં મઠનું વિપુલ માત્રા વાવેતર જોવા મળી રહ્યું છે.

---------------------------------------------------------------

## હવામાન :

પશ્ચિમ કચ્છના વાતાવરણમાં આજે વહેલી સવારથી અચાનક પલટો જોવા મળ્યો હતો. સમગ્ર વિસ્તારમાં વહેલી સવારે ગાઢ ધુમ્મસની ચાદર છવાઇ જવા સાથે ભારે ઝાકળ વર્ષા થઇ

હતી. ખાસ કરીને નખત્રાણા અને કોટડા તરફ જતા માર્ગો પર ધુમ્મસનું પ્રમાણ એટલું વધારે હતું કે વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. વાહનચાલકોએ મોડી સવાર સુધી પોતાના વાહનોની લાઇટો ચાલુ રાખવાની ફરજ પડી હતી. દિવસ દરમિયાન પણ કચ્છમાં વાદળછાયું વાતાવરણ જોવા મળ્યું હતું. આજે અબડાસાના મુખ્ય મથક નલિયામાં 14.4 લઘુત્તમ તાપમાન નોંધાયું છે. જિલ્લા મથક ભુજ અને કંડલામાં 16 ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધાયું છે.

---------------------------------------------------------------------------------